# કૃષિ મહોત્સવ-૨૦૧૭– ગોધરા

તા.૧૪/૫/૨૦૧૭

## ખેડૂતને સધ્ધર બનાવવા રાજ્ય સરકાર કૃષિ મહોત્સવની ઉજવણી કરે છે

ગોધરા, રવિવાર-: માર્કેટ અને વેલ્યુએડીશન થીમ આધારિત પંચમહાલ અને મહીસાગર જિલ્લાનો સંયુક્ત કૃષિ મહોત્સવ ગોધરા ખાતે ઉજવાયો હતો. આ પ્રસંગે યોજાયેલા સમારોહ અને પ્રદર્શનનું ઉદઘાટન જળ સંપત્તિ(સ્વતંત્ર હવાલો) પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મંત્રી અને પંચમહાલ જિલ્લા પ્રભારી મંત્રીશ્રી નાનુભાઇ વાનાણીએ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી કર્યું હતું. જેમાં ખેડૂત ખાતેદારોને અકસ્માત વીમા યોજનાની સહાયના ચેક, બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ, સ્મૃતિચિન્હ સાથે, દુધાળા પશુ ખરીદી લોનની વ્યાજ સહાય અને કૃષિ, બાગાયત, પશુપાલનની વિવિધ યોજનાના મંજુરી હુકમો ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

અધ્યક્ષ સ્થાનેથી મંત્રીશ્રી નાનુભાઇ વાનાણીએ જણાવ્યું હતુ કે, રાજ્ય સરકારરાજ્યના ખેડૂતને સધ્ધર બનાવવા કૃષિ મહોત્સવની ઉજવણી કરે છે. જે પાછળ રાજ્યના ખેડૂતોની ખેતી ઉપજવૈજ્ઞાનિક ઢબે અને આધુનિક ટેકનોલોજીના સથવારેબમણીકરવા સાથેખેતીખર્ચ ઘટાડી આવક વધારવાનો ઉદેશછે. કૃષિ મહોત્સવમાં ખેડૂતોને બિયારણ, ખાતર, સિંચાઇ પધ્ધતિ, પશુપાલન, બાગાયત જેવા વિવિધ વિષયોના તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અને જાણકારી આપવામાં આવે છે. જેનાથી રાજ્યના ખેડૂતની સમૃધ્ધિ વધે છે. ખેડૂતની સમૃધ્ધિ વધશેતો ગામ તાલુકો, જિલ્લો, રાજ્ય અને દેશની સમૃધ્ધિ વધશે. આ માટે રાજ્ય સરકાર તમામ સ્તરના પ્રયાસો કરી રહી છે.

મંત્રીશ્રી નાનુભાઇ વાનાણીએ આ પ્રસંગે વધુમાં જણાવ્યું કે, વર્ષ ૧૯૪૭ આઝાદી પછી વર્ષ ૨૦૦૦ સુધી રાજ્યનો ખેડૂત બિચારો- બાપડો હતો. ખેડૂત માટે ગુણવત્તા વાળુ બિયારણ, ખાતર કે દવા ઉપલબ્ધ ન હોતા પિયત માટે સમય સર પાણી અને વિજળી નહોતા મળતા. વિજળી હોય તો સમયસર નહોતી મળતી, નાના મોટા ખેતી કામ માટે નાણાની જરૂરીયાત મુજબનું ધિરાણ નહોતું મળતું, ખેત ઉપજ માટે માર્કેટ નહોતું મળતું. છેલ્લે બજારમાં પોતાની કૃષિ ઉત્પાદનના વાજબી ભાવ નહોતા મળતા. પરિણામે ખેડૂત પાયમાલીની કગાર પર હતો. રાજ્યનું સુકાન હાલના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ મુખ્યમંત્રી તરીકે સંભાળ્યું ત્યારથી સૌ પ્રથમ કાર્ય તેમણે વરસાદના વહી જતા પાણીને રોકવાનુ કર્યું. આ માટે ચેકડેમ, તળાવો બનાવવા, તળાવો ઉંડા કરવા સાથે જ્યોતિગ્રામ યોજના અંતર્ગત પુરતી વિજળી ઉપલબ્ધ કરાવી, જેના કારણે કૃષિવિકાસ દર બે આંકડામાં નોંધાયો. હાલની રાજ્ય સરકારે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં ખેડૂતોના ખેતરથી જ ખેત ઉત્પાદનનાટેકાના ભાવે ખરીદીને ખેડૂતો નુકશાનીથી ઉગાર્યા છે. રાજ્ય અને કેન્દ્રની બંન્ને સરકારોએ ખેડૂતોના ઉત્થાન માટે મહત્વના પગલાઓ લીધા છે. અનેકવિધ યોજનાઓના લાભ ખેડૂતો સુધી પહોંચ્યા છે. તેમ ભાર પૂર્વક મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

કૃષિ, શહેરી ગૃહ નિર્માણ રાજ્ય મંત્રીશ્રી વલ્લભભાઇ વઘાસિયાએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, ખેડૂતનું જીવન ધોરણ ઉન્નત બને તે માટે રાજ્ય સરકારે અનેક કદમ લીધા છે. ચાલુ વર્ષે મગફળી અને તુવેરના મબલખ ઉત્પાદનને ખેડૂતના ખેતરેથી ખરીદી કરી છે. મગફળી ૨ લાખ ટન કરતાં વધુ અને તુવેરની ૧૩૫ લાખ ટન કરતા વધુની ખરીદી કરીને ખેડૂતને તેની ઉપજની વાજબી કિંમત ચૂકવી છે. આ ઉપરાંત ખેડૂતના મૂંઝવતા પ્રશ્નોનું સરળ નિરાકરણ સરકારે કર્યુ છે.જેમાંટ

એકરથી વધુ જમીન ધરાવતા ખેડૂતને બે વીજ જોડાણ અને પાણીની બે મોટર ચલાવવાની છૂટ આપી છે. જો ખેડૂતના ખેતરમાંથી ૬૬ કે.વી.ની વીજ લાઇન જતી હોય તેવા ખેડૂતને પ્રાયોરિટીના ધોરણે વીજ કનેકશન આપવા સાથે ઘણા પ્રશ્નોનું નિરાકરણ પણ સરકારે કર્યું છે.

આ પ્રસંગે ઉપસ્થિત કૃષિ અને સહકાર વિભાગના સંસદિય સચિવ શ્રી બાબુભાઇ પટેલ અને સાંસદ શ્રી પ્રભાતસિંહ ચૌહાણે પ્રાસંગિક ઉદબોધનો કર્યા હતાં.

ગોધરા ખાતે યોજાયેલા કૃષિ મહોત્સવને જોવા અને જાણવા માટે ઝારખંડ રાજ્યના ૫૦ ખેડૂતોનું પ્રતિનિધિ મંડળ પણ આવ્યું હતું. રાજ્યના ૧૦ દિવસના પ્રવાસે આવેલા આ પ્રતિનિધિ મંડળના કિસાન શૈલેન્દ્ર શર્માએ રાજ્યની ખેતી અને ખેડૂતોની વાત કરી હતી. બેમેતરા જિલ્લાના નાનકડા પતોરા ગામથી આવેલા ખેડૂત શૈલેન્દ્ર એ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, ગોધરા આવતા પહેલા તેમણે દાહોદ જીલ્લાની મુલાકાત લીધી હતી. ઓછા પાણીએ સફેદ મકાઇ અને સોયાબીનના વધુ ઉત્પાદનથી તેઓ પ્રભાવિત થયા હતા. અને તે અંગે તેમણે દાહોદ જિલ્લાના ખેડૂતો અને કૃષિ અધિકારીઓ પાસેથી વિશદ માહિતી મેળવી છે. આ ઉપરાંત ખેતી સંલગ્ન પશુપાલનનો વ્યવસાય પણ કરી શકાય તેનું માર્ગદર્શન મેળવ્યું છે.

દુર્ગ જિલ્લાના કુંબલી ગામના ધનેશ્વર શાહુ કહે છે કે, ખેડૂતો પાસેથી કૃષિ ઉપજ બમણી કરવાની વૈજ્ઞાનિક પધ્ધતિની જાણકારી મેળવી છે. જે અમે અમારા વતન રાજ્ય ઝારખંડમાં જઇને તે મુજબની ખેતી જાતે કરીશું તેમજ આસપાસના કિસાન ભાઇઓને પણ તેની જાણકારી આપશું.

રાજનાંદ જિલ્લાના ઇન્દાવાણી ગામના તીરથ યાદવ કહે છે કે, સાચેજ ગુજરાત કૃષિકારોનું તીરથ છે. અહી અમે સફેદ મકાઇના પાકની ખેતીની વિસ્તૃત જાણકારી મેળવી છે. સાથે ફક્ત ખરીફમાંજ નહિ શિયાળામાં પણ મકાઇનો પાક લેવાની આવડત શીખી છે.

દુર્ગ જિલ્લાના ખોડિયા ગામના ખેડૂત ભરત ચન્દ્રાકર કહે છે કે ગુજરાતનો સાધારણ દેખાવનો ખેડૂત આજે વૈજ્ઞાનિક ઢબે અને આધુનિક ટેકનોલોજીના સથવારે ગુણવત્તાયુક્ત અને વધુ ઉત્પાદન કરતો થયો છે. જે જોઇને અમેપણ આ પધ્ધતિઓ અપનાવીશું. ગુજરાતે કૃષિને પ્રાથમિકતા આપીને ખેડૂતોને સમૃધ્ધ કર્યા છે. તેમજ આવા મહોત્સવો અને કાર્યક્રમો યોજીને ઘરઆંગણે ખેડૂત માટે તમામ સાધનો ઉપલબ્ધ કરાવીને ગુજરાતની સરકારે ઉમદા ફરજ બજાવી છે.

ગોધરાના એસ.આર.પી. ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ કૃષિ મહોત્સવમાં આણંદ કૃષિ યુનિવર્સિટી, પંચમહાલ અને મહીસાગર જિલ્લાના ખેતી બાગાયત, પશુપાલન, સિંચાઇ, ખાતર, જીવાત-કીટ નિયંત્રણ, બિયારણ જેવા વિવિધ પ્રદર્શન અને માર્ગદર્શન આપતા સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યા હતા. જેની ખેડૂતો અને આમંત્રિતોએ મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમના ઉપલક્ષમાં છબનપુર ખાતે પશુ આરોગ્ય મેળો યોજવામાં આવ્યો હતો. જેમાં પશુઓના વિવિધ રોગોની સારવાર પશુ ચિકિત્સકો દ્વારા આપવામાં આવી હતી. સેમિનારમાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા આધુનિક ખેતી અને સંશોધિત બિયારણોની જાણકારી આપવામાં આવી હતી.

આ પ્રસંગે, ગોધરાના ધોળાકુવા ખાતે આવેલા આણંદ કૃષિ એન્જિયરીંગ કોલેજ કેમ્પસમાં બનાવવામાં આવેલા બોયઝ હોસ્ટેલના નવિન ભવનની તક્તીનું અનાવરણ ઉપસ્થિત મંત્રીશ્રીઓ અને મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ૧૨૦ વિદ્યાર્થીઓને રહેવા જમવા સાથે આધુનિક સગવડ પુરી પાડતું ચાર મજલાની બોયઝ હોસ્ટેલનું મકાન રૂા.૩.૭૦ કરોડના ખર્ચે તૈયાર થયું છે. જે ૪૦ રૂમ ધરાવે છે. અહીં રહીને વિદ્યાર્થીઓ કૃષિ ઇજનેરીનો ઉચ્ચ અભ્યાસ કરી શકશે.

કૃષિ મહોત્સવમાં પંચમહાલ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કેતુબેન દેસાઇ, છોટાઉદેપુર સાંસદશ્રી રામસિંહભાઇ રાઠવા, ધારાસભ્ય સર્વશ્રી જેઠાભાઇ આહીર, શ્રી અરવિંદસિંહ રાઠોડ, શ્રીમતી

નિમિષાબેન સુથાર, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમના ચેરપર્સન શ્રીમતી મીનાબેન પંડ્યા, વન વિકાસ નિગમના ચેરમેનશ્રી કુબેરભાઇ ડીંડોર, શ્રી અશ્વિનભાઇ પટેલ, શ્રી મૂળજીભાઇ રાણા, આણંદ કૃષિ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. એન.સી.પટેલ, બાગાયત નિયામક ડૉ.આર.એ.સેરસીયા, મહીસાગર જિલ્લા કલેક્ટરશ્રી ડૉ.એમ.ડી.મોડિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.જી.ગોહિલ સહિત તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, જિલ્લા તાલુકાના પદાધિકારીઓ અને બંન્ને જિલ્લાના વિશાળ સંખ્યામાં ખેડૂત ભાઇ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શાબ્દિક સ્વાગત કરતા પંચમહાલ જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ખેડૂતોના દ્વાર સુધી કૃષિની આધુનિક અને વૈજ્ઞાનિક ઢબની ખેતી પધ્ધતિના તાંત્રિક માર્ગદર્શન સાથે યોજનાકિય લાભો પહોંચાડ્યા છે. રાજ્યના ખેડૂતો ઓછા ખર્ચે ખેતીમાં બમણી આવક મેળવે જેથી તેમની આર્થિક અને સામાજીક ઉન્નતી થાય તેવો હેતુ આ કૃષિ મહોત્સવ ઉજવવા પાછળ રાજ્ય સરકારનો રહ્યો છે. આપણા બંન્ને જિલ્લાઓને હરિયાળા બનાવવા તળાવ, ખેત તલાવડી ચેક ડેમ દ્વારા જળસંરક્ષણ કરીએ અને પાણીના ટીપે ટીપાનો કરકસર રીતે ઉપયોગ કરીએ તેમ ઉપસ્થિત ખેડૂતોને ઉદબોધનમાં જણાવ્યું હતુ. શ્રી લાંગાએ બિયારણમાં પંચમહાલ જિલ્લાની શ્રેષ્ઠતાને વધુ નિખારવા જણાવ્યું હતું.

કૃષિ મહોત્સવની આભાર વિધિ પંચમહાલ જિલ્લા વિકાસ અધિકારીશ્રી કે.બી.ઝવેરીએ કરી હતી.

oooooo








કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય
કૃષિ મહોત્સવ
૨૦૧૭


કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા
બોયઝ હોસ્ટેલના મકાનનું
શ્રી નાનુભાઇ વાનાણી
શ્રી જયદ્રથસિંહ પરમાર
શ્રી વલ્લભભાઇ વઘાસીયા
શ્રી બાબુભાઇ જે. પટેલ
ડૉ. એન. સી. પટેલ
ઉપસ્થિત રહેલ.


સેમીનાર : માર્કેટીંગ અને વેલ્યુ એડીશન
૨૦૧૭ સ્થળ : એસ.આર.પી. ગ્રાઉન્ડ, લુણાવાડા રોડ,


સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય


કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય